ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૦૯/૨૦૨૬ તા. ૨૩/૦૨/૨૦૨૬

વિષય:- શૈ.વર્ષ: ૨૦૨૫-૨૬માં Regarding Aadhaar-based Bio Metric EKYC for All HOI ની વિગતો ભરવા બાબત.
સંદર્ભ:- ૧) નાયબ નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરીનો પત્ર ક્રમાંક નં.અ.જા.ક./ગ-૧/૨૫-૨૬/૫૬૭-૬૮ તા. ૧૯/૦૨/૨૦૨૬

પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતાં "Pre Matric Scholarship to SC & Other" અને "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા કોલેજ/સંસ્થાના HOI (Head of Institute) નું Aadhaar based Bio Metric EKYC કરવા સૂચનાઓ આપેલ છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ દરમ્યાન કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત "Pre Matric Scholarship to SC & Other" અને "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓનું Aadhaar based Bio Metric EKYC કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે. તથા તમામ કોલેજ/સંસ્થાના HOI નું Aadhaar based Bio Metric EKYC કરવા અંગે સૂચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ તમામ કોલેજ/સંસ્થાના HOIનાં Aadhaar based Bio Metric EKYC થયેલ નથી. તેથી દરેક કોલેજ/સંસ્થાઓ પોતાના લોગીનમાં "Admin =>Institute/School HOI Details" ઓપ્શનમાં જઈ HOI ની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરવાનું રહેશે. કેન્દ્ર સરકારશ્રીનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HOI/INO નાં Aadhaar based Bio Metric EKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. જેથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાંથી ઉક્ત જણાવ્યા મુજબ ફરજીયાત ફોર્મ ભરવાના રહેશે.જે કોલેજ/સંસ્થાઓના HOIનું EKYC થયેલ હશે તે જ કોલેજ/સંસ્થાઓના વિદ્યાર્થીઓની માહિતી કેન્દ્ર સરકારશ્રીના NSP પોર્ટલને કેન્દ્ર ફાળાની શિષ્યવૃતિ ચૂકવણા માટે મોકલી શકાશે, જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.
૨) Head Of Institute (HOI) ની વિગતો ભરવી ફરજીયાત છે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.
૩) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે- તે સંસ્થા/કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

23/02/2026

ડીરેક્ટર
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.
૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
: www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

નકલ સાદર રવાના:-

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે.......

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/ ૫૬૭-૬૮
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
તા.૧૯/૦૨/૨૦૨૬

પ્રતિ,
કમિશ્નરશ્રી,
ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

વિષય: Regarding Aadhaar-based BioMetric eKYC for all HoI (વર્ષ:૨૦૨૫-૨૬)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કેંદ્ર પુરસ્કૃત "Pre Matric Scholarship to SC & Other" અને "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા કોલેજ/સંસ્થાના HoI(Head of Institute)નું Aadhaar-based BioMetric eKYC કરવા સૂચનાઓ આપેલ છે

વધુમાં સુપ્રીમ કોર્ટના Criminal appeal No. 1425 of 2025 titled "Amit Kumar Vs. Union of India" માં તા.15.01.2026 હુકમથી નીચે મુજબના દિશાનિર્દેશ કરવામાં આવેલ છે.

"The backlog of any and all pending scholarship disbursements must be cleared within a period of four months by the relevant Central and State government authorities. If there exists any reason behind the non-disbursal of the same, a notice with reasons must be sent to the relevant HEI along with the student recipient, within a period of two months. It must be ensured that the disbursement of all future scholarships are done with clear timelines, without any delay by the relevant Central and State Government authorities. Disbursal dates and schedules must also be made known to the student recipient. Even in cases of unavoidable administrative delay, HEIs must not, as a policy, make the student recipients accountable for paying or clearing their fees. No student should be prevented from appearing in an examination, removed from hostels, barred from attending classes, or have their marksheets and degrees withheld because of delays in disbursal of scholarships. Any such institutional policy, may be viewed strictly." જેનુ પાલન કરવા આપની કક્ષાએથી શૈક્ષણીક સંસ્થાઓમાં જરૂરી સુચના પ્રસિધ્ધ કરવા વિનંતી. છે.

હાલ રેશનકાર્ડના ડેટાબેઝ મારફત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તમામ વિદ્યાર્થીઓનું Aadhaar-based BioMetric eKYC કરવામાં આવી જ રહેલ છે અને આ પધ્ધતિથી સંબધિત તમામ કોલેજ/સંસ્થાના HoIનું પણ Aadhaar-based BioMetric eKYC કરી શકાય છે. વધુમાં National Scholarship Portal પર સંબધિત કોલેજ/સંસ્થાનું Aadhaar-based BioMetric eKYC થયેલ હોય તો તે વિગતો મારફત પણ સંબધિત શાળા/સંસ્થાના HoIનું Aadhaar-based BioMetric eKYC કરી શકાય છે. તમામ કોલેજ/સંસ્થાના HoI ના eKYC કરવા બાબતે અત્રેની કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા જિલ્લાની કોલેજ/સંસ્થાઓને સૂચનાઓ આપવામાં આવે જ છે પરંતુ તમામ કોલેજ/સંસ્થાના HoIના Aadhaar-based BioMetric eKYC થયેલ નથી.

કોલેજ/સંસ્થા/યુનિવર્સિટી પોતાના લોગીનમાં "Admin => Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ HoI Aadhaar-based BioMetric eKYCની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકે છે અને જિલ્લા કચેરીની ઓથોરીટીના લોગીનમાંથી આ ફોર્મને નિયમોનુસર મંજુર કરે છે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ કોલેજ/સંસ્થાના HoIના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલના પોતાના લોગીનમાંથી HoIનું Aadhaar-based BioMetric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ભરે તે બાબતે આપની કક્ષાએથી સંબધિતોને સૂચના આપવા વિંનતી છે. જે કોલેજ/સંસ્થાઓના HoIનું eKYC થયેલ હોય તેવા જ કોલેજ/સંસ્થાઓના વિદ્યાર્થીની માહિતી કેન્દ્ર સરકારશ્રીના NSP પોર્ટલને કેંદ્ર ફાળાની શિષ્યવૃત્તિ ચુકવણા માટે મોકલી શકાતી હોય આ બાબતે અગ્રતા આપવા વિનંતી છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય

નકલ સવિનય રવાના:

- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર જાણ થવા વિનંતી